**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૦૬/૦૭/૧૭નાં રોજ વોર્ડમાં આવેલ EWS ક્વાર્ટસની સાફ–સફાઈની કામગીરી કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૭/૧૭નાં રોજ વોર્ડમાં આવેલ EWS ક્વાર્ટસની સાફ–સફાઈની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૭/૧૭નાં રોજ તમામ લાગત વોર્ડમાં આવેલ EWS ક્વાર્ટસની સાફ–સફાઈની કામગીરી ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રીની સીધી દેખરેખ હેઠળ ટીમો બનાવીને વિસ્તાર વાઈઝ EWS ક્વાર્ટસનાં અંદર અને બહારનાં ભાગે સાફ–સફાઈ કરાવી માટી મિશ્રીત કચરો એકઠો કરી ટ્રેકટર અથવા ટ્રક મારફતે વહન કરાવી ટ્રાન્સફર સ્ટેશન ઉપર નિકાલ કરેલ અને સફાઈ કરેલ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો. તેમજ સદર EWS ક્વાર્ટસ વિસ્તારમાંના લોકોને સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ આ કચરાને ડોર ટુ ડોરનાં વાહનને અલગ–અલગ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

| EWS ક્વાર્ટસની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૩૨ | ૪૩ | ૧૪૬ | ૦.૮૫૩ | ૯૧૮ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

### ''અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધા''

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે **ગોરમાગીત સ્પર્ધા** તા.૦૮/૦૭/૨૦૧૭ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પનાને સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૫૦ પ્રાથમિક શાળાઓની બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | માધવબાગ વિદ્યાભવન (ગુજરાતી માધ્યમ) |
| દ્વિતીય | સંસ્કારભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| તૃતીય | કે.એસ. જોષી ઈ.મી. ગર્લ્સ સ્કુલ |
| આશ્વાસન | શ્રી ખુદીરામ બોઝ ન.પ્રા.શાળા ક્રમાંક – ૪૨ |
| | શેઠશ્રી પી. એચ. બચકાનીવાલા શાળા |
| | ન.પ્રા. શાળા ક્રમાંક – ૩ |
| | જીવનભારતી કિશોર ભવન |
| | શ્રીમતી શિરીનબાઈ જે. લશ્કરી કન્યા શાળા ક્રમાંક –૨૨૦ |
| | સંત પૂજય શ્રીમોટા ન.પ્રા. શાળા ક્રમાંક – ૧૭૦ |
| | અંબાબેન મગનલાલ અંધજન શાળા |
| | સદભાવના વિદ્યાલય |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાના ગીતો માંણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે યોજાનાર છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.





## પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :**

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર એડી.સી.ટી.ઈજનેરશ્રીના અધ્યક્ષતા હેઠળ સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના એડી.સીટી.ઈજનેરશ્રી ડી.એમ. જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે.આઈ.ખત્રી અને આસી.જંતુનાશક અધિકારી કે.બી. દેસાઈ ધ્વારા તા.૧૦/૦૭/૧૭ ના રોજ નવી સિવીલ હોસ્પટલમાં મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ સર્વે કરાવી મળેલ પાણીના ભરાવા, ખુલ્લી પાણીની ટાંકીઓ, કંપાઉન્ડમાં પડેલ પડતર / નકામો સામાન, ખુલ્લા પ્લોટોમાં ભરાયેલ વરસાદી પાણી તેમજ ડ્રેનેજના ચેમ્બરો ખુલ્લા મળી આવેલ તે બાબતે નવી સિવીલના પી.ડબલ્યુ.ડી. વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સાથે મીટીંગ કરી નવી સિવીલ હોસ્પિટલ કેમ્પસમાં મચ્છરજન્ય પરિસ્થિતીને કાબુમાં રાખવા ચર્ચા કરી મચ્છરના ઉત્પત્તિસ્થાનો બાબતે નોટીસ આપવામાં આવેલ તેમજ મળેલ ક્ષતિઓ સમયમર્યાદામાં દુર કરવા સ્થળ પર સમજ આપવામાં આવી.

વધુમાં ઝોન વિસ્તારમાં "ડ્રાય ડે" પ્રોગ્રામ હેઠળ પોલીસ લાઈન પીપલોદ, ઉમરાવનગર પરિક્ષિત સોસા., સત્યમ શિવમ સુંદરમ આવાસ, અલથાણ ટેનામેન્ટ, ભરથાણાાં હળતતિવાસ ડુમસ હળપતિવાસ વિગેરે વિસ્તાર આવરી લઈ ૧૮૦૩ જેટલા ઘરો સર્વે કરવામાં આવેલ જેમાં ૪૫ જેટલામચ્છરના ઉત્પત્તિ સ્થાનો મળી આવતા ચઉદ (૧૪) ઈસમોને ૪૦,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવી તેમજ ૯૪ જેટલા લોહીના નમુના લેવામાં અને મચ્છર જન્ય પરિસ્થિતીનું નિર્માણ ન થવા બદલ ૭ ઈસમને નોટીસ આપવામાં આવેલ હતી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી બાંધકામના તમામ મજુરોને મચ્છરદાની પુરી પાડવા અંગે ઓર્ગેનાઈઝોને આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૦૭/૦૭/૧૭નાં રોજ શાળાનાં બાળકોમાં ઘન કચરાનાં વર્ગીકરણ થીમ અંતર્ગત ચિત્રકલા સ્પર્ધા કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૭/૧૭નાં રોજ શાળાનાં બાળકોમાં ઘન કચરાનાં વર્ગીકરણ થીમ અંતર્ગત ચિત્રકલા સ્પર્ધા કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૭/૧૭નાં રોજ તમામ ઝોન નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ આરોગ્ય વિભાગનાં સટાફ તથા આચાર્ય/શિક્ષકોની સંયુકત ટીમોનાં સહયોગથી શાળાનાં વિધાર્થીઓ વચ્ચે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. સદર ચિત્ર સ્પર્ધામાં સ્વચ્છતાલક્ષી ભીંતસુત્રો દોરાવ્યા બાદ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ વિધાર્થીઓને સ્વચ્છતા અંગે સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ આ કચરાને ડોર ટુ ડોરનાં વાહનને અલગ–અલગ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

| ઘન કચરાનાં વર્ગીકરણ અંગે સમજ આપવામાં આવેલ | | ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીની સંખ્યા |
|---|---|---|
| શાળા | વિધાર્થીઓ | |
| ૮૫ | ૭૭૪૮ | ૬૮૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૭/૧૭નાં રોજ સોસાયટી/સુરત મહાનગરપાલિકાની કચેરીમાં રહેલ જુના સામાનોનો નિકાલ તથા ડ્રાય ડે પોરા નાશક એકટીવીટીની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે તા.૦૮/૦૭/૧૭નાં રોજ સોસાયટી/સુરત મહાનગરપાલિકાની કચેરીમાં રહેલ જુના સામાનોનો નિકાલ તથા ડ્રાય ડે પોરા નાશક એકટીવીટીની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૭/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ વી.બી.ડી.સી., આરોગ્ય સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી સુરત મહાનગરપાલિકાની કચેરી, વોર્ડ ઓફિસ, સોસાયટીઓમાંથી જુના સામાનનો નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| કચેરીઓ/વોર્ડ ઓફિસ વિગેરેમાંથી જુનો માલ–સામાન | સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૩૮,૭૯૭ | ૮૦,૯૩૬ | ૬૦૩ | ૧૦,૮૭૬ | ૧૨૦૬ | ૨૦૫૭ | ૨૨૦ | ૭૨,૬૦૦ | ૯૪ | ૩૫,૭૫૪ | ૧૬,૮૩૨ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે બી.આર.ટી.એસ. તેમજ સીટીબસની સેવા જાહેર જનતા માટે શરૂ કરવામાં આવેલ જેમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૯ કોરિડોરમાં કુલ ૧૨૦ બસો તેમજ સીટીબસ અંતર્ગત ૨૩ સીટીબસ રૂટમાં કુલ ૧૮૭ સીટીબસો કાર્યરત કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. સેવા કુલ ૧૦૨ કી.મી. તથા સીટીબસ સેવા કુલ ૨૮૫ કી.મી. શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ છે.

હાલમાં બી.આર.ટી.એસ. બસોમાં શહેરના તમામ કોરિડોર ઉપર બસની ફ્રિક્વન્સી વધારવામાં આવેલ છે તેમજ સીટીબસ રૂટોમાં પણ નવી બસો ઉમેરવામાં આવેલ છે જે અંતર્ગત દરેક રૂટ ઉપર બસની ફ્રિક્વન્સી પણ વધારવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. તેમજ સીટીબસોના રૂટોને કનેક્ટીવીટી મળતા પેસેન્જરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. અત્રે નોંધનીય બાબત એ છે કે તા.૦૯/૦૭/૨૦૧૭ ના રોજ બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને કુલ ૯૮,૫૧૯ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૨૩ રૂટ મળીને કુલ ૫૮,૦૪૨ પેસેન્જરો મળી કુલ ૧,૫૬,૫૬૧ જેટલા નાગરિકોએ જાહેરપરિવહન સેવાનો લાભ લીધેલ છે આમ, સૌપ્રથમવાર શહેરના ૧.૫ લાખથી વધુ નાગરિકોએ બસોમાં મુસાફરી કરેલ છે.

જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરની બી.આર.ટી.એસ. બસ તેમજ સીટીબસ સેવાનો ઉપયોગ શહેરની પ્રજા કરી રહી છે જેમાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ બી.આર.ટી.એસ. અને સીટી બસ સેવાથી આરામદાયક, સુરક્ષિત અને સલામત મુસાફરી કરી શકાય છે. જો શહેરના લોકો જાહેરપરિવહન સેવાનો ઉપયોગ કરતા થશે તો શહેરમાં ટ્રાફિકની સમસ્યામાં પણ ઘટાડો થશે તેમજ શહેરના પ્રદુષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. સુરત મહાનગરપાલિકા અંતર્ગત શરૂ કરવામાં આવેલ જાહેરપરિવહનનો ઉપયોગ વધુમાં વધુ નાગરિકો કરી શહેરના ટ્રાફિક અને પ્રદુષણમાં ઘટાડો કરવા મદદરૂપ થવા અપીલ કરવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૭માં યોજાનાર સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૪ વર્ષથી યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર ૨૦૧૭માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹ ૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૧૪/૦૭/૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાની રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

# સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા જોગ અખબાર યાદી

આજરોજ સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૦૩ સલાબતપુરા, ખાંગડશેરી, સુરત વિસ્તારમાં આવેલ નોંધ નં.૨૩૮૪ વાળી મિલ્કતમાં હેતુફેર વપરાશનાં કારણે મિલ્કતને સીલ મારી બંધ કરવામાં આવેલ છે. અગાઉ આ વિસ્તારનાં માલિક રમીન હાઝીરઝાક સાયા તથા અન્યો દ્વારા સેન્ટ્રલ ઝોનમાં રેસીડન્સીયલ હેતુસર વિકાસ પરવાનગી મેળવેલી .જે પરવાનગીની વિરુધ્ધ મિલ્કતદાર દ્વારા મિલ્કતમાં હેતુફેર કરી કોમર્શિયલ શો રૂમ નો વપરાશ શરૂ કરેલ, જેથી સેન્ટ્રલ ઝોન દ્વારા મિલ્કતદારને શો–કોઝ અને મનાઈહુકમ નોટીસો બજાવેલી. જે નોટીસોનો અનાદર કરતા આજ રોજ સેન્ટ્રલ ઝોન દ્વારા સલાબતપુરા પોલીસ સ્ટેશનનાં સ્ટાફ તથા સીકયુરીટી બંદોબસ્ત મુકી મિલ્કતને વપરાશ માટે સીલ કરવામાં આવે છે.

વધુમાં, સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૦૨, નોંધ નં.૧૮૦૭/અ નવી ઓલી શેરી, સગરામપુરામાં પણ મિલ્કતદાર દ્વારા વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતમાં જાહેર ગલીમાં સ્લેબનું પ્રોજેકશન કાઢતા, સેન્ટ્રલ ઝોન દ્વારા આશરે ૬૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર પ્રોજેકશન તોડીને દુર કરવામાં આવેલ છે તથા વહીવટી ચાર્જ રૂા.૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૭માં યોજાનાર
સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૪ વર્ષથી યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર ૨૦૧૭માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹ ૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝ્ડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૧૪/૦૭/૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાની રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં. 0335
તા.૧૨/૦૭/૨૦૧૭,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૧૦/૦૭/૧૭નાં રોજ દરેક વોર્ડમાં નિયત વિસ્તારમાં સામુહિક સાફ–સફાઈ તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટની જાણકારી કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૦/૦૭/૧૭નાં રોજ દરેક વોર્ડમાં નિયત વિસ્તારમાં સામુહિક સાફ–સફાઈ તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટની જાણકારી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦/૦૭/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ ચીફ સેનેટરી ઈન્સ્પેકટર મારફતે તેઓને તેમના તાબા હેઠળનાં વોર્ડ વિસ્તારોમાં સામૂહીક સાફ–સફાઈની કામગીરી કરાવવા ટીમો બનાવી નિયત કરેલ સ્થળોની આજુબાજુનાં રસ્તાઓ, ગલી–ખાચાઓની ધનિષ્ઠ સફાઈની કામગીરી આ ટીમો દ્વારા કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાં ઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે તથા વોર્ડનાં કામદારો તથા કર્મચારીઓને આ ટીમ દ્વારા સેગ્રીગેશન ઓફ વેસ્ટની જાણકારી આપવામાં આવેલ હતી. વધુમાં જણાવવાનું કે આ ટીમ દ્વારા સોસાયટીમાં આવેલ સભ્યોનાં ઘરોમાંથી સુકા/ભીના કચરાનું સેગ્રીગેશન કરી અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ આ કચરાને ડોર ટુ ડોર નાં વાહનને અલગ–અલગ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવેલ હતી.

| સફાઈ કરવામાં આવેલ વિસ્તારો | સફાઈ ઝુંબેશમાં સહકાર આપનાર | | | સેગ્રીગેશન અંગે સમજ આપવામાં આવેલ નાગરીકોની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| | અધિકારી/ પદાઅધિકારી | સુપરવાઈઝર | કામદાર | | | |
| ૫૩ | ૧૪ | ૫૯ | ૩૩૨ | ૧૭૬૭ | ૬.૮૦૦ | ૧૪૨૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૩૩૭

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૧૧/૦૭/૧૭નાં રોજ સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે દરેક ઝોનમાં જાહેર સંસ્થા, અનુદાનવાળી સોસાયટી, સ્વૈચ્છીક સંસ્થાઓ સ્વચ્છ ભારત અભિયાન તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટ માટે જનજાગૃતિ કાર્યક્રમ અંગે વર્કશોપનું આયોજન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૭/૧૭નાં રોજ સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે દરેક ઝોનમાં જાહેર સંસ્થા, અનુદાનવાળી સોસાયટી, સ્વૈચ્છીક સંસ્થાઓ સ્વચ્છ ભારત અભિયાન તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટ માટે જનજાગૃતિ કાર્યક્રમ અંગે વર્કશોપ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૧/૦૭/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા ઝોનમાં આરોગ્ય સ્ટાફ/સોસાયટીનાં પ્રમુખ–સેક્રેટરી તથા જાહેર સ્વૈચ્છિક સંસ્થામાં હોદ્દદારોશ્રીની સંયુકત ટીમો બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં અનુદાન મેળવતી જુદી જુદી સોસાયટીઓમાં રેલી સ્વરૂપ લઈ જઈ ટીમનાં સભ્યોએ સોસાયટીનાં આવેલ ઘરોમાં ડોર ટુ ડોર જઈ સ્વચ્છ ભારત અભિયાન ભાગરૂપે ત્યાનાં રહીશોને તેઓનાં ઘરોમાંથી ઉત્પન્ન થતા કચરાનું વર્ગીકરણ કરવા તથા સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીન રાખી ડોર ટુ ડોરનાં વાહનને અલગ–અલગ આપવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ ટીમનાં સભ્યો, સોસાયટી તથા જાહેર સ્વૈચ્છિક સંસ્થાનાં હોદ્દદારોની સેગ્રીગેશન ઓફ વેસ્ટની વધુ જાણકારી માટે ઝોનમાં તે અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.

| સફાઈ કરવામાં આવેલ વિસ્તારો | સફાઈ ઝુંબેશમાં સહકાર આપનાર | | સેગ્રીગેશન અંગે સમજ આપવામાં આવેલ નાગરીકોની સંખ્યા |
|---|---|---|---|
| | સુપરવાઈઝર | સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી, જાહેર સ્વૈચ્છિક સંસ્થાનાં હોદ્દદારો | |
| ૫૪ | ૩૩ | ૧૬૨ | ૧૧૩૪ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમિત્તે તા.૧૨/૦૭/૧૭નાં રોજ રસ્તાઓ, ખુલ્લા પ્લોટો, અવાવરૂ જગ્યાઓ ઉપરથી ઝાડી–ઝાંખરા દુર કરવાનો કાર્યક્રમ (જંગલ કટીંગ) કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૭/૧૭નાં રોજ રસ્તાઓ, ખુલ્લા પ્લોટો, અવાવરૂ જગ્યાઓ ઉપરથી ઝાડી–ઝાંખરા દુર કરવાનો કાર્યક્રમ (જંગલ કટીંગ) કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨/૦૭/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય/ઈજનેર તથા ગાર્ડન વિભાગની સંયુકત ટીમો બનાવી ઝોનનાં મુખ્ય માર્ગ, ખુલ્લા પ્લોટો તથા અવાવરૂ જગ્યામાં ઉગેલ ઝાંડી–ઝાંખરા દુર કરવાની કામગીરી ટીમ દ્વારા કરાવ્યા બાદ કાપેલ ઝાંડી–ઝાંખરાનો નિકાલ કરાવ્યા બાદ સદર વિસ્તારોમાં ધનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

| જંગલ કટીંગ કરવામાં આવેલ વિસ્તારો | સફાઈ ઝુંબેશમાં સહકાર આપનાર | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર (આરોગ્ય/ઈજનેર/ગાર્ડન વિભાગ) | કામદાર | | |
| ૮૯ | ૭૫ | ૨૩૩ | ૬.૩૦૦ | ૨૫૭૫ |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીૠતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭ થી ૨૦૧૫ દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૧(એક)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૨૩ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો બીજો મેડીકલ કેમ્પ તા.૧૫/૦૭/૨૦૧૭ ને શનિવારનાં રોજ **કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં,સાયણ રોડ,ગુ.હા.બોડની સામે,સુરત** ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ્ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૩૪૦

# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરવા અને વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના પ્રાથમિક વિભાગમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૮૦થી પણ વધુ શાળાઓના બાળકોએ ભાગ લઈ પૂરી તન્મયતાથી વર્ષાગીતો રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓના મન મોહી લીધાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (ગુ.મી.) | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (ઈ.મી.) |
| દ્વિતીય | શ્રી બાપાલાલ વૈદ્ય ન.પ્રા.શાળા ક્રમાંક : ૧૮૯ | સદ્દભાવના વિદ્યાલય |
| તૃતીય | સંસ્કાર ભારતી વિદ્યાલય (ગુ.મી.) | સંસ્કાર ભારતી વિદ્યાલય (ગુ.મી.) |
| આશ્વાસન વિજેતા | શ્રીમતી જે.ડી.ડી.શાહ ન.પ્રા.શાળા ક્રમાંક : ૩૯ | પી.પી.સવાણી વિદ્યાલય |
| | માધવબાગ વિદ્યાભવન ગુજરાતી મિડીયમ સ્કુલ | સધ્યારો ઈંગ્લીંશ મીડીયમ સ્કુલ |
| | કે.એસ જોશી ઈ. મી. ગર્લ્સ સ્કૂલ | અસ્પાયર પબ્લિક સ્કુલ |
| | શ્રીમતી કે.પી.ગાંધી પ્રાથમિક વિદ્યાલય | શારદાયતન હાઈસ્કુલ |
| | આર.એમ.દેસાઈ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ (ગુ.મી.) |
| | જીવન ભારતી પ્રવૃતિ વિદ્યાલય | – |
| | સદ્દભાવના વિદ્યાલય | |
| | ડો.પ્રેમલીલાબહેન વિ.ઠા.પ્રા.કન્યા શાળા (ગુ.મી.) | |
| | અંબાબેન મગનલાલ અંધજન પ્રા.શાળા | |
| | શ્રીમતી શિરીનબાઈ.જે.લશ્કરી ન.પ્રા.કન્યા શાળા ક્રમાંક–૨૨૦ | |

વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતોને ભાવસભર માણ્યાં હતાં.



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, અધિકારીશ્રીઓ, નિર્ણાયકશ્રીઓ તથા સ્પર્ધામાં ભાગ લઈ રહેલ ગાયકવૃંદ દ્રશ્યમાન છે.

૩૪૧

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૭/૦૭/૨૦૧૭ થી તા.૧૩/૦૭/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૪૯૪ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૯૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૩ |

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૭માં યોજાનાર
સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૪ વર્ષથી યોજવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર માસમાં યોજાનાર ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૧૪/૦૭/૨૦૧૭ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ ભાગ લેવા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મૂકવામાં આવ્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૧૪/૦૭/૨૦૧૭ સુધીમાં નીચે મુજબની કુલ– ૨૧ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત |
| ૨ | બી. આર. પ્રોડકશનસ | જીવવું તો જલસાથી |
| ૩ | અભિનવ | ખેલ ખેલમાં "અગનખેલ" |
| ૪ | પ. ર. મ | મસ્તરામ |
| ૫ | સેન્ટ્રલ એકેડમી ઓફ આર્ટસ | એક ઔર દુર્ઘટના |
| ૬ | દિપ આર્ટસ્ | ચાલ... !? |
| ૭ | લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ | નેતા અભિનેતા |
| ૮ | ફોરમ આર્ટસ | અનન્યા |
| ૯ | આશિવાના પરિવાર | થીયરી |
| ૧૦ | રંગકર્મી | કાળચક્ર |
| ૧૧ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | – |
| ૧૨ | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ |
| ૧૩ | ખયાલ થિયેટર | 'એ' નથી |
| ૧૪ | શ્રી સુર્યમ એન્ટરપ્રાઈઝ | – |
| ૧૫ | નવરંગ આર્ટસ | – |
| ૧૬ | અભીગમ થીયેટર | ગાથા |
| ૧૭ | મલયમ ગૃપ આર્ટ થીયેટર | ચીતરેલા મોરલાનો ટહુકો |
| ૧૮ | રાજ થીયેટર | મૌસમ મસ્તીખોર |
| ૧૯ | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૨૦ | પી. પી. એન્ડ ગૃપ | બુલેટ પ્રુફ |
| ૨૧ | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું |

નાટ્ય સ્પર્ધામાં નાટકના ક્રમ નક્કી કરવા ભાગ લેનાર તમામ નાટ્ય સંસ્થાઓની એક મીટીંગ તા.૧૭/૦૭/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે નવા સ્ટેંડિંગ કમિટી રૂમ, નવી એનેક્ષી બિલ્ડીંગ, ત્રીજો માળ, મહાનગર સેવાસદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે રાખવામાં આવેલ છે. ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓએ તમામ વિગતો સાથે મીટીંગના સ્થળે સમયસર હાજર રહેવા નોંધ લેવી.

સમાચારયાદી નં. ૩૪૨, તા.૧૪/૦૭/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમિત્તે તા.૧૪/૦૭/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ વોર્ડ ઓફિસ વાઈઝ સોસાયટી તથા ખુલ્લા પ્લોટોમાં વૃક્ષારોપણની કામગીરી કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૭/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ વોર્ડ ઓફિસ વાઈઝ સોસાયટી તથા ખુલ્લા પ્લોટોમાં વૃક્ષારોપણની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૪/૦૭/૧૭નાં રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારી તથા ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ દ્વારા આરોગ્ય/ગાર્ડન વિભાગની સંયુકત ટીમ બનાવી દરેક ઝોનમાં વોર્ડ વાઈઝ સોસાયટીઓમાં તથા ખુલ્લા પ્લોટમાં વૃક્ષારોપણની કામગીરી કરાવવામાં આવેલ હતી. ત્યારબાદ સદર જગ્યાએ આરોગ્ય સ્ટાફ દ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરી પણ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ ટીમનાં સભ્યો દ્વારા આજુબાજુનાં રહીશોનાં ઘરે–ઘરે જઈને સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખી ડોર ટુ ડોરનાં વાહનમાં અલગ–અલગ આપવા માટેની સમજ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતું.

| ઝોનમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ વિસ્તારની સંખ્યા | રોકવામાં આવેલ આરોગ્ય/ગાર્ડન વિભાગ | | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | |
| ૨૯ | ૩૫ | ૯૧ | ૪૬૪ |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૫/૦૭/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં છોટા–બડા એન્ડ્રૂઝની ચાલ, પ્રણામી મંદિર, માછીવાડ,લાપસીવાલાની ચાલ, કુબેરદાસની ચાલ,ગજજર મહોલ્લો, નવો મહોલ્લો, વ્હોરવાડ,જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં પ્રેસીડન્સી સ્કુલ તથા સ્વામી નારાયણ સ્કુલ,નયનદીપ સોસા.,કમલપાર્કસોસા,અડાજણગામ,સંસ્કારસરીતા,શાંતિનિકેતન,નવસર્જનહિન્દીવિભાલયસ્કુલ,ગોપાલકૃષ્ણસોસા.,રામદેવપીર સોસા, સંત તુકારામ સોસા. વિ–૨, ચૌધરીવાસ વરીયાવ, જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં ભીમનગર,ઉમિયાનગર–૧, પ્રિયંકાગ્રીનપાર્ક,તુલસીધામ,ઈન્દિરાનગર,રાહત સોસાયટી,શ્રી રામનગર, સુર્યપ્રકાશનગર અને આજુબાજુ નો વિસ્તાર,જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાંશીવાજીનગર,શીવકૃપાસોસા,માનદરવાજા એ અને બી ટેનામેન્ટ,માનદરવાજા સી ટેનામેન્ટ, મહાદેવનગર ૧ અને ૨, શ્રીનાથનગર,ગણપતી ધામ,પ્રભુનગર,શીવકૃપાસોસા જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમા સોમનાથ મહાદેવનગર મંદિર,યુ.પી.નગર, હેગડેવાસ,સુમન અમૃત, ભીમરાડ ગામ,જપ્તીસાથ– ૧,૨,નવાનગર,જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં આંબાતલાવડી, હળપતિવાસ,વણઝારા વાસ, મીલીન્દનગર,સમતાનગર, એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં નરસિંહ મંદિર ઝું,ખાડી મહોલ્લો, મોહનકાકાની ચાલ, ગરીબ આવાસ, રામકિશન કોલોની,ખાન મહોલ્લો, મંદિર ફળિયું, ડેરી ફળિયું, લુહાર ફળિયું, ખડી ફળિયું, બોમ્બે કોલોની,સુભાષનગર,ધનવર્ષા સો,જયભવાની સો,પ્રમુખછાયા સો., સરથાણા ગામતળ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 34825 | 79429 | 636 | 9490 | 1129 | 1915 | 217 | 73400 | 99 | 29030 | 16133 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# –: પ્રેસનોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૫/૦૭/૨૦૧૭ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં, સાયણ રોડ, ગુ.હા.બોર્ડની સામે, સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા , ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ ચેરમેન ડો.રમણ પરમાર, મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિ ચેરપર્સન શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ડે.કમિશનર અને ઝોનલ ચીફ શ્રી આર.જે.પંડયા, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, કોર્પોરેટર શ્રી જયંતિભાઈ ભંડેરી, શ્રી અનિલભાઈ ભોજ, શ્રી દેવજીભાઈ ગોપાણી, શ્રી નરેશભાઈ જયાણી, શ્રી લાલજીભાઈ ઘોરી, શ્રી રમેશભાઈ ઉકાણી,નાયબ આરોગ્ય અધિકારી (નોર્થ ઝોન) ડો.કે.એ.શ્રોફ, ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી (વેકસીનેશન બ્રાંચ) ડો.ચેતન.કે.ચોકસી, ઈ.ચા.જંતુનાશક અધિકારી શ્રી જે.પી.વાગડીયા, આસી.જંતુનાશક અધિકારી (નોર્થ ઝોન) શ્રી આર.બી.આહીર તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ–વેડ–સીંગણપોર શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ **૭૭૧** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ફિઝીશીયન દ્વારા **૧૪૫**, સર્જન દ્વારા **૭૨**, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૮૭, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા **૫૬**, ચામડીના નિષ્ણાંત દ્વારા **૧૩૮**, આંખના નિષ્ણાંત દ્વારા **૧૫૦**, મેડીકલ ઓફીસર દ્વારા **૧૨૩** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૬૮ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ **૪૧૨** પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. **૬૮** દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની **૩,૫૦૦** પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં

આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ **૯૨૦**, ઓરલ પીલ્સ **૨૮** પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ **૧૩૯૦** ટેબ્લેટ, કલોરીન ટેબ્લેટ **૭૦૦** નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા **૦૮** બાળકોને બી.સી.જી., **૨૨** બાળકોને પેન્ટાવેલેન્ટ, **૪૭** પોલીયોની રસી, **૧૩** બાળકોને આઇ.પી.વી., **૧૯** બાળકોને ઓરી, **૧૭** બાળકોને ડી.પી.ટી.ની રસી, **૩૭** બાળકોને વીટામીન–એ અને **૦૬** લાભાર્થીઓને મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u> આગામી વિના–મૂલ્યે નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે, તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**



તા.૧૫/૦૭/૧૭ શનિવારના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં, સાયણ રોડ, ગુ.હા.બોર્ડની સામે, સુરત.ખાતે દિપ પ્રાગટ્ય કરી આરોગ્યનિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરતા મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ ચેરમેન ડો.રમણ પરમાર, ડે.કમિશનર અને ઝોનલ ચીફ શ્રી આર.જે.પંડયા, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, કોર્પોરેટર શ્રી જયંતિભાઈ ભંડેરી, શ્રી અનિલભાઈ ભોજ, શ્રી દેવજીભાઈ ગોપાણી, શ્રી નરેશભાઈ જયાણી, શ્રી રમેશભાઈ ઉકાણી દશ્યમાન છે.

# સુરત મહાનગરપાલિકા
# યુસીડી વિભાગ
# અખબારી યાદી

**<u>સુરત મહાનગરપાલિકા તથા સરકારી ઔધોગિક તાલિમ સંસ્થાના સંયુકત ઉપક્રમે તા.૧૫/૦૭/૨૦૧૭ 'સ્કીલ ઈન્ડિયા મિશન' અંતર્ગત સેમીનાર</u>**

**વિષય :–** સુરત મહાનગરપાલિકા તથા સરકારી ઔધોગિક તાલિમ સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સ્કીલ ઈન્ડિયા મિશન' અંતર્ગત સેમીનાર તા.૧૫/૦૭/૨૦૧૭ના રોજ ઓડિટોરીયમ સાયન્સ સેન્ટર હોલ સુરત ખાતે સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ

સુરત મહાનગરપાલિકા તથા સરકારી ઔધોગિક તાલિમ સંસ્થાના સંયુકત ઉપક્રમે સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત તા.૧૫/૦૭/૨૦૧૭ ના રોજ ઓડિટોરીયમ સાયન્સ સેન્ટર હોલ સુરત ખાતે શહેરના બરોજગાર યુવાનો ,મહિલાઓ,સ્કુલ ડ્રોપ આઉટ વ્યકિતઓ વધુ સારી તકો શોધતા યુવાનોન તેમના રસ રૂચી અને વર્તમાન માગ મુજબની તાલિમ સંદભે મોટીવેશન ધ્વારા રોજગારી/સ્વ–રોજગારી સાથે જોડાણ અંગેની કાર્યવાહી હાથ ધરવા સેમીનારનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા દિપ પ્રાગટય કરવામાં આવેલ આસી.કમિશનરશ્રી ડૅા.ગાયત્રીબેન જરીવાલાએ આવકાર પ્રવચન આપી સેમીનારનો હેતુ અંગે વિગતો રજુ કરી હતી.

બેંક ઓફ બરોડાના ડીજીએમશ્રીએ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાની કામગીરી રજુ કરી ઉપરાંત પિંક ઓટો અંગે તાલિમ અને લોન સહાય આપવા ખાત્રી આપી હતી. કાલુપુર બેંકના આસીસ્ટન્ટ જનરલ મેનેજરએ બેંકની કામગીરી અને માઈક્રો ડિવિઝન વિશે જાણકરી આપી હતી. વધુ માં એનયુએલએમ અંતર્ગત ૩૦ લાભાર્થીઓને સ્વરોજગાર માટે લોન મંજુર કરેલ તેમ જણાવેલ. આઈટીઆઈના પ્રોફેસરશ્રી ગાંધીસાહેબ ધ્વારા સ્કીલ ઈન્ડિયા અંતર્ગત આઈટીઆઈમાં ચાલતા વિવિધ કોંષની માહિતી આપવામાં આવેલ. વધુમાં તેમણે જણાવેલ કે તાલિમાર્થીઓને રોજગાર સાથે સાંકળવા માટે ઔધોગીક એકમની જરૂરીયાતને ધ્યાનમાં લઈ તાલિમ આપવામાં આવે છે.

સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહે પિંક ઓટો પ્રોજેકટની કામગીરીને બિરદાવી હતી.લોન સહાય થકી બેહનો ને રોજગારી મેળવે તે માટેના પ્રયત્નો યુસીડી વિભાગ કરી રહયુ છે. તેમ જણાવેલ. મા.કમિશનરશ્રી એ જણાવ્યુ હતુ કે સુરતમહાનગરપાલિકા ધ્વારા સ્કીલ ઈન્ડિયા અંતર્ગત વિવિધ એજન્સીઓ, કોન્ટ્રાકટરો સાથે મિટીંગ કરી તેમની જરૂરીયાત પ્રમાણે આવડત ધરાવતા કામદારો માટે સ્કીલ ગેપ એનાલિસિસની કામગીરી કરેલ વધુમાં તેમણે લોન મેળા, રોજગાર મેળાનું આયોજન થકી શહેરમાં રોજગારીની તકો વધારવા પર ભાર મુકેલ.

સેમીનારના અધ્યક્ષા મા.મેયરશ્રીએ પ્રાસંગિક ઉદ્દબોધંન કરતા જણાવ્યુ હતુ કે, સુરત શહેરમાં સોલાર રૂફટોપના ફિટીંગ અને મેન્ટેન્સ માટે કારીગરોની અછત વર્તાય છે.તે માટે તાલિમ આપવાની જરૂરીયાત જણાય છે. વધુમાં યુસીડી વિભાગ શહેરના સ્લમ વિસ્તાર અને ગરીબ પરિવારોને સખી મંડળ ધ્વારા બચત અને વ્યકિતગત લોન ધ્વારા આર્થિક રીત પગભર બને તે માટે અથાગ પ્રયત્નો કરી રહયુ છે. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓની જાણકારીની માહિતી આપી લાભો અપાવી રહયુ છે.વધુમાં તેમણે પિંક ઓટો પ્રોજેકટ અને કાલુપુર કો.ઓપરેટીવ બેંક ધ્વારા લોન સહાયની કામગીરીને બીરદાવી હતી.

સેમીનારમાં હાજર મહાનુભાવોના હસ્તે પિંક ઓટોની બહેનોને તાલિમ પ્રમાણપત્રો અને કાલુપુર કો.ઓપરેટીવ બેંક ધ્વારા મંજુર કરેલ ૩૦ લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવેલ સેમીનારમાં મોટીવેશનલ

ટ્રેનર તરીકે સિધ્ધાર્થ ભટૃનાગર અને મિનાક્ષી ભટૃનાગર ધ્વારા પિંક ઓટોની બહેનો ,આઈટીઆઈના વિધાર્થીઓ અને સખી મંડળની બહેનોને મોટીવેશન પુરુ પાડેલ.







૩૪૭

**''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૫/૦૭/૧૭નાં રોજ પ્લાસ્ટીક ઝુંબેશ, સ્વચ્છતા અને સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે સારી કામગીરી દર્શાવતા દરેક ઝોનમાં ૧ થી ૩ ક્રમાંક મેળવનાર સલસાયટીને ઈનામ અને ડ્રાય ડે પોરા નાશક એકટીવીટીની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૦૪/૦૭/૧૭નાં રોજ **''ઈન્ટ.કો.ઓ.ડે''** નિમિતે તા.૧૫/૦૭/૧૭નાં રોજ પ્લાસ્ટીક ઝુંબેશ, સ્વચ્છતા અને સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે સારી કામગીરી દર્શાવતા દરેક ઝોનમાં ૧ થી ૩ ક્રમાંક મેળવનાર સોસાયટીને ઈનામ અને ડ્રાય ડે પોરા નાશક એકટીવીટીની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૫/૦૭/૧૭નાં રોજ મહાનગરપાલિકાના તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય સુપરવાઈઝર સ્ટાફની ટીમ બનાવી ઝોનમાં આવેલ વેજીટેબલ માર્કેટ, ધાર્મિક સ્થળો,ન.પ્રા.શાળાની આજુબાજુ તેમજ ખાદ્ય, અખાદ્ય પ્રદાર્થ વેચાણ કરતી સંસ્થામાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં વપરાશ બાબતે ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. ત્યારબાદ આરોગ્ય અને VBDC ની સંયુકત ટીમ બનાવી નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ પ્લાસ્ટીક (કિ.ગ્રા.) | નોટીસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪,૮૨૫ | ૭૯,૪૨૯ | ૬૩૬ | ૯૪૯૦ | ૧૧૨૯ | ૧૯૧૫ | ૬૭ | ૨૮.૬૦૦ | ૨૩૩ | ૯૨,૪૦૦ | ૨૧૬ | ૨૯,૦૩૦ | ૧૬,૧૩૩ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

''સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૭માં યોજાનાર સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા અંગે તા.૧૭/૦૭/૨૦૧૭ના રોજ સ્કુટિનીના ક્રમ અંગે યોજાયેલ મીટીંગ બાબત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૪ વર્ષથી યોજવામાં આવતી સુરત મહાનગરપાલિકાની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની ૨૧ નાટ્ય સંસ્થાઓએ ભાગ લેવા માટે પ્રવેશપત્રો ભર્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ક્રમ નકકી કરવા માટે તા.૧૭/૦૭/૨૦૧૭ના રોજ નાટ્ય સંસ્થાઓની મીટીંગ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહની અધ્યક્ષતામાં યોજાયેલ આ મીટીંગમાં સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિ સભ્ય શ્રીમતી ઉજવલાબેન નિકમ અને શ્રીમતી અર્ચનાબેન પાટીલ તથા નાટ્ય સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

<u>સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં</u>
<u>ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓની સ્કુટિનીના ક્રમ</u>

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ | નેતા અભિનેતા |
| ૨ | પી. પી. એન્ડ ગૃપ | બુલેટ પ્રુફ |
| ૩ | પ. ૨. મ | મસ્તરામ |
| ૪ | અભીગમ થીયેટર | આશા |
| ૫ | ઑફ સેન્ટર એકેડમી ઓફ આર્ટસ | એક ઔર દુર્ઘટના |
| ૬ | શ્રી સુર્યમ એન્ટરપ્રાઈઝ | અચ્યુતમ્ કેશવમ્ |
| ૭ | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ |
| ૮ | ફોરમ આર્ટસ | અનન્યા |
| ૯ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરર્ફોમિંગ આર્ટસ | નર અને નારી |
| ૧૦ | આશિયાના પરિવાર | થીયરી |
| ૧૧ | રંગકર્મી | કાળચક્ર |
| ૧૨ | નવરંગ આર્ટસ | પપ્પા અમારા પચરંગી |
| ૧૩ | અભિનવ | ખેલ ખેલમાં ''અગનખેલ'' |
| ૧૪ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત |
| ૧૫ | રાજ થીયેટર | મૌસમ મસ્તીખોર |
| ૧૬ | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું |
| ૧૭ | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૧૮ | ખયાલ થિયેટર | 'એ' નથી |
| ૧૯ | બી. આર. પ્રોડકશનસ | જીવવું તો જલસાથી |
| ૨૦ | દિપ આર્ટસ્ | ચાલ... ! ? |
| ૨૧ | મલયમ ગૃપ આર્ટ થીયેટર | ચીતરેલા મોરલાનો ટહુકો |

ઉપરોકત નાટ્ય સંસ્થાઓની સ્કુટિની તા.૧૧ થી ૧૩ ઓગષ્ટ ૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, અડાજણ, સુરત ખાતે તથા સુરત મહાનગરપાલિકાની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર ૨૦૧૭માં અનુકુળ ઓડિટોરીયમમાં યોજવામાં આવશે.